# મોડાસા રોહિત સમાજનું સ્નેહ સંમેલન યોજાયું

## મોડાસામાં દિકરીઓ માટે ડિજિટલ લાયબ્રેરી બનાવવા માટે આહવાન કર્યું





મોડાસા, તા. ૨૨

મોડાસિયા પરગણા રોહિત સમાજ વિકાસ મંડળનું સ્નેહ સંમેલન મોડાસા ટાઉન હોલમાં યોજાઈ ગયું.સમાજની બાળાઓએ સ્વાગત નૃત્ય કરીને નવા વર્ષે સ્વાગત કર્યું હતું.સંતરામપુરના મામલતદાર કુંદનભાઈ વાઘેલા અને અરવલ્લી જિલ્લા સદસ્ય રેખાબેન પરમાર (ભોજનના દાતા) વગેરે મહેમાનોએ દીપ પ્રગટાવી કાર્યક્રમને ખુલ્લો મૂક્યો હતો.મોડાસા રોહિત સમાજના પ્રમુખ ડો.એચ.કે.સોલંકીએ મોડાસા અને ધનસુરા ખાતે સમાજના સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા દીકરા દીકરીઓ માટે નિઃશુલ્ક લાયબ્રેરી અને કોચિંગ ક્લાસ શરૂ કરી યુવાનોને વધુમાં વધુ નોકરીઓ મળે તેવી વ્યવસ્થા કરવા આહવાન કર્યું હતું.જેનો બંધારણ દિવસે પ્રારંભ થશે.પ્રો.પરાગભાઈ રાઠોડ બિલાવાનીયાએ બેટી બચાવો,બેટી પઢાઓ અભિયાન અંતર્ગત દીકરીઓની લાયબ્રેરી માટે પાંચ લાખનું માતબર દાન નોંધાવ્યું હતું.મંચસ્થ મહાનુભાવો અને દાતાઓનું બુકે નહિ પણ બુકથી સ્વાગત કરી નવો અભિગમ શરૂ કર્યો હતો.પત્રકાર પિયુષ પરમાર બુકના દાતા તરફથી બુક્સ આપવામાં આવી હતી. મંત્રી જયંતિભાઈ ડી.પરમાર અને ઉપપ્રમુખ બી.ડી.બેકર, લાલાભાઈ પી.પરમાર,સહમંત્રી કેશાભાઈ રાઠોડ અને ખજાનચી કનુભાઈ ભાંભી વગેરે હોદ્દેદારો અને કારોબારી સભ્યોએ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.એલ.આઈ.સી.મેનેજર મુકેશભાઈ પરમાર અને કે.એન.રાઠોડ વગેરે અધિકારીઓ પણ હાજર રહ્યા હતા. આ પ્રસંગે ડૉ.રમણભાઈ પરમાર અને ઉર્વશી પરમારે આગવી શૈલીમાં સંચાલન કર્યું હતું.રેખાબેન પરમાર,કૃપા ધારેશ્વરી, શિલ્પા પરમાર, નેહલબેન,રેણુકાબેન,મંજુલાબેન વગેરે રોહિત સમાજની બહેનોનું મહિલા સંગઠન બનાવી મહિલા સશક્તિકરણ પર ભાર મૂક્યો હતો.સમાજના આગેવાનો, બહેનો,કર્મચારીઓ અને દાતાઓએ મોટી સંખ્યામાં હાજર રહી ભીમ શિક્ષણ રથને આગળ વધારવાના સંકલ્પ લીધા હતા.

# જિલ્લામાં ભૂંડ-નિલગાયના ઉપદ્રવથી ૨૫ હજાર હેક્ટર જમીનમાં ખેતીને ભેલાણનું ગ્રહણ

## વાવણી થયેલ બિયારણનો સફાયો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૨

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં રવી વાવેતર ઉપર કમોસમી પ્રહાર પછી ખેતી ઉપર સંકટનાં વાદળ ઘેરાયાં છે ત્યાં ખેડૂતોને પડતા ઉપર પાટુનો ઘા પડ્યો હોય તેમ દિવસે નિલગાય અને



રાત્રે ખેતરોમાં ભૂંડના ઉપદ્રવથી કુમળા બિયારણનો સફાયો થવા લાગ્યો છે. વાવેતર થયેલા બિયારણને ભૂંડ ઓહીયા કરી જતાં હોવાથી ખેડૂતો પાયમાલ થઈ જાય તેવી સ્થિતિ પેદા થઈ છે. બંન્ને જિલ્લામાં થયેલા વાવેતર પેકી ૨૫,૦૦૦ હેક્ટર વાવેતર ઉપર ભેલાણનો ખતરો મંડરાયો છે. બિયારણ બચાવવા ખેડૂતોને રાત્રે ખેતરોમાં રાત્રિ જગો કરવાની ફરજ પડી છે.

ચોર ખાય, મોર ખાય અને બાકી વધ્યું તે ખેડૂત ખાય..તે કહેવત અનુસાર જિલ્લામાં વર્ષોથી ખેડૂતોને નિલગાય અને ભૂંડના ભેલાણનો પ્રશ્ન સતાવી રહ્યો છે. દરેક સીઝનની ખેતીમાં ભેલાણથી ખેડૂતોને પાક ઉત્પાદનમાં તેમજ આર્થિક ફટકો સહન કરવો પડતો હોવાથી ખેડૂતોની હાલત જૈસે થે બની રહી છે. સરકાર દ્વારા ભેલાણનું કોઈ વળતર ચૂકવાતું નથી અને ખેત પાકમાં નુક્સાન કરતા પ્રાણીઓને ખેતરોથી દૂર રાખવાની કોઈ યોજના ન હોવાથી માત્રને માત્ર ભેલાણ ખેડૂતો માટે શીરદર્દ બની રહ્યું છે. જિલ્લામાં રવી ખેતીનો માંડ પ્રારંભ થયો છે ત્યાં છેલ્લા કેટલાય દિવસથી ઠંડી ગાયબ થઈ છે અને બપોરે ગરમી અનુભવાય છે જેથી વહેલું વાવેતર કરનારા ખેડૂતો ચિંતિત બન્યા છે. ત્યાં બંન્ને જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં ભૂંડનો ત્રાસ વધી જતાં ખેડૂતો ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે. રાત્રે ભૂંડનાં ટોળાં ખેતરોમાં પ્રવેશ ખેતરમાં ધરબેલા બિયારણનો સફાયો કરી રહ્યાં છે જેના કારણે ખેડૂતોને ફટકાની દહેશત છે.

# જન્મદિને વધામણી



નયન ભાઈ પટેલ
પટેલ મેડિકલ સ્ટોર્સ
બાયડ



ડો.જતીન દવે
અધિક્ષક, બાયડ સરકારી
રેફરલ હોસ્પિટલ
બાયડ



ડો. સૌરીન શાહ
અમદાવાદ



જગદીશભાઈ ભાવસાર
સંગઠન મહામંત્રી,
અરવલ્લી જિલ્લા ભાજપ,
મોડાસા



મહેશ પરમાર
વાલાની મુવાડી તા બાયડ



મનીષાબેન આશિષકુમાર
પંડ્યા
હિંમતનગર ,જિલ્લો
સાબરકાંઠા



રાજ ભરતભાઈ પંચાલ
પાવન ફ્લેટ
બાયડ, જી.અરવલ્લી

રક્તદાન
મહાદાન

# જિલ્લામાં શિયાળાની ઋતુમાં કુતરાંમાં ખસનો રોગ પ્રસર્યો

## કડકડતી ઠંડીમાં કૂતરાંની હાલત દયનીય

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૨

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં શિયાળાની ઋતુમાં શેરી-મહોલ્લાઓમાં રખડતાં કૂતરાંઓમાં ખસનો રોગચાળો પ્રસર્યો છે. કડકડતી ઠંડીમાં ખસના રોગથી પીડાતાં કૂતરાંની હાલત દયનીય બની છે. ખસના કારણે કૂતરાં કદરૂપાં બની જતાં ઠેકઠેકાણે હડધૂત થવા લાગ્યાં છે. જ્યારે કાતિલ ઠંડીથી બચવા કૂતરાં સામૂહીક રીતે સૂઈ જતાં હોવાથી એકબીજાના સંપર્કમાં સતત રહેતાં હોવાથી ખસનો રોગચાળો વધુ વકરી રહ્યો છે.

શિયાળાની ગાત્રો થીજવી દેતી ઠંડીમાં કાળા માથાનો માનવી ગરમ વસ્ત્રોમાં લપેટાઈ ઠંડીથી રક્ષણ મેળવી રહ્યો છે. પરંતુ કાતિલ ઠંડીમાં પ્રાણીઓની હાલત વધુ કફોડી બની છે. ખાસ કરીને શિયાળો શરૂ થાય એટલે કૂતરાઓમાં અચૂક જોવા મળતો ખસનો રોગ આ વખતે પણ હાવિ થયો છે. બંન્ને જિલ્લામાં શેરી અને ગલીઓમાં હડીયાપટ્ટી કાઢતાં કૂતરાં ઠંડીની મોસમમાં એક પછી એક ખસના રોગમાં સપડાઈ રહ્યાં છે. રોગચાળાથી શરીર ઉપરની રૂંવાટી ખરી જતાં કદરૂપાં કૂતરાંને જોઈ લોકો ધૂત્કારવા લાગ્યા છે. લાગતાં કૂતરાંમાં ખસનો રોગ વધુ ને વધુ ફેલાઈ રહ્યો હોવાથી પ્રજા માનવીના સૌથી વફાદાર શ્વાનને જોઈ ધૂત્કારી રહી છે.રોગચાળાથી પીડીત કૂતરાંને શિયાળાની સીઝનમાં માનવીની જેમ જ કૂતરાંની ચામડી શુષ્ક બની જતી હોવાથી ખસનો રોગ ફેલાયો છે. જ્યારે કાતિલ ઠંડીથી બચવા માટે રખડું કૂતરાં એકબીજા ઉપર પોઢી જતાં હોવાથી રોગીષ્ટ કૂતરાંના કારણે અન્ય કૂતરાંમાં પણ ખસનો રોગ પ્રસરવા લાગ્યો છે. જિલ્લામાં હમણાં સુધી વ્હાલાં ક્યાંય ચેન પડતું નથી જેના કારણે આમથી તેમ દોડી રહ્યાં છે. જિલ્લામાં દૂધાળા પશુઓમાં રોગ ફેલાય ત્યારે રસીકરણ કરવા માટે સરકારનો વિભાગ તરત એલર્ટ થઈ જતો હોય છે પરંતુ રખડતાં કૂતરાં બાબતે આવી કોઈ જોગવાઈ નથી જેથી અસંખ્ય કૂતરાં ખસના રોગચાળામાં સપડાઈ ચૂક્યાં છે.

### શિયાળામાં ગાઢ સંપર્કથી ખસનો રોગ વકરે છે : પશુ ચિકિત્સક

બાયડ : જિલ્લામાં શિયાળાની મોસમમાં શેરી-મહોલ્લાઓમાં રખડતાં કૂતરાં એક પછી એક ખસના રોગમાં સપડાઈ રહ્યાં છે ત્યારે પશુ ચિકિત્સકનો ટેલિફોનિક સંપર્ક કરતાં તેમને શિયાળામાં કૂતરાંમાં ખસનો રોગ અચૂક પ્રસરે છે તે બાબત સ્વીકારી ઠંડીથી બચવા માટે કૂતરાં એકબીજાના ગાઢ સંપર્કમાં રહેતાં હોય છે જેથી ખસનો રોગ એક કૂતરામાંથી બીજા કૂતરામાં ઝડપથી પ્રસરી જતો હોય છે તેમ જણાવી શિયાળામાં માનવીની જેમ જ શ્વાનની ચામડી પણ શુષ્ક થઈ જતી હોવાથી કૂતરાંમાં ખસનો રોગ પ્રસરતો હોવાનું વધુમાં જણાવ્યું હતું.

# સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં દેશી દારૂનાં માટલાં ફોડતી પોલીસનાં વિદેશી દારૂ સામે આંખ મિચામણાં

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૨

રાજ્ય સરકારે દારૂના દૂષણને નાથવા માટે સજામાં કડકાઈ સાથેનો નવો કાયદો મંજૂર કરતાંની સાથે સાબરકાંઠા અને અરવલ્લીના ગ્રામ્ય વિસ્તારોમાં પોલીસે રેડના તાયફા શરૂઆતથી જ આરંભી દીધા છે. પોલીસ દેશી દારૂનાં માટલાં ફોડી વિદેશી દારૂ પ્રત્યે આંખ મિચામણાં કરતાં મોટું આશ્ચર્ય ઉભું થયું છે. જિલ્લામાં કહેવાતી દારૂબંધીમાં તમામ વિસ્તારોમાં વિદેશી દારૂ બમણા ભાવે વેચાઈ રહ્યો છે. માત્ર ને માત્ર રેડમાં દેશી દારૂ કેન્દ્ર સ્થાને રાખી પોલીસ અંદરખાને વિદેશી દારૂના બુટલેગરોને છાવરતી હોય તેવું ચિત્ર ઉપસ્યું છે.



જિલ્લામાં પોલીસના તગડા હપ્તારાજથી ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં દારૂની રેલમછેલ થઈ રહી છે. દારૂના કાયદામાં નવો સુધારો કરી સરકારે દુષણ સામે કડકાઈ બતાવી તો ખરી પરંતુ તેનો અમલ માત્ર કાગળ પૂરતો સિમિત રહ્યો છે. ઉચ્ચ કક્ષાએથી દારૂના દૂષણને રોકવા માટે આદેશ અપાતાં કમને પોલીસે રેડનાં નાટક શરૂ કર્યાં છે. જિલ્લામાં સરકારે જાણે કે માત્ર દેશી દારૂ ઉપર પ્રતિબંધ લગાવ્યો હોય તે રીતે પોલીસની રેડની કામગીરીથી આશ્ચર્ય થઈ રહ્યું છે.

જિલ્લામાં મોટાભાગે દેશી દારૂ ગાળનારાઓને ત્યાં ગાડીઓ સાથે ધસી જઈ દેશી દારૂનાં માટલાં ફોડી સંતોષ પોલીસ અનુભવી રહી છે તો બીજી તરફ વિદેશી દારૂના બુટલેગરોને દારૂબંધી પછી ઉલ્ટાનો જબ્બર ફાયદો થઈ રહ્યો છે. પોલીસ માત્ર ને માત્ર દેશી દારૂ ઉપર ધ્યાન કેન્દ્રીત કરી વિદેશી દારૂ પ્રત્યે આંખ મિચામણાં કરતાં જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં વિદેશી દારૂના ભાવમાં બે ગણો વધારો થયો છે. પોલીસ સ્વીકારે કે ન સ્વીકારે પરંતુ માગો તે બ્રાન્ડનો વિદેશી દારૂ છૂટથી વેચાઈ રહ્યો છે. ખુદ પોલીસના વચેટીયાઓ વિદેશી દારૂના બુટલેગરો સાથે સતત સંપર્કમાં રહી પ્રોત્સાહન આપી રહ્યાના ગંભીર આક્ષેપો થવા લાગ્યા છે.

**રેડમાં દેશી દારૂ કેન્દ્ર સ્થાને : કહેવાતી દારૂબંધીમાં વિદેશી દારૂના ભાવ બમણા**

જિલ્લામાં કડક દારૂબંધીના અમલ પછી દેશી દારૂ વેચનારાઓના બુરા દિવસ અને વિદેશી દારૂના બુટલેગરોના અચ્છે દિન શરૂ થયા હોય તેવી સ્થિતિ પેદા થઈ છે.

# કોરોના વાયરસને અટકાવવા તંત્ર સજજ

# અરવલ્લી જીલ્લા અધિક નિવાસી કલેકટર દ્વારા પ્રતિબંધક હુકમો જાહેર

**અરવલ્લી જીલ્લામાં ધરણા તથા રેલી અને સરઘસ તેમજ દેખાવો જેવા કાર્યક્રમોમાં ચાર કે તેથી વધુ માણસો એકઠા થઇ શકશે નહિ : ૫ ડિસેમ્બર ૨૦૨૧ સુધી જાહેરનામું અમલમાં**

બાયડ તા.૨૨

હાલમાં ચાલતા COVID-19 વાયરસને ફેલાતો અટકાવવા સારું તથા અરવલ્લી જિલ્લાના શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારમાં સક્ષમ અધિકારીશ્રીની મંજૂરી વિના તા. ૫ ડિસેમ્બર ૨૦૨૧ના કલાક ૨૪-૦૦ કલાક સુધી સમગ્ર જીલ્લામાં અધિક જિલ્લા કલેકટરશ્રી પ્રદીપસિંહ રાઠોડ, અરવલ્લી જિલ્લા, મોડાસાને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ નો ૨૨ મો) ની કલમ- ૩૭ (૩) થી મળેલ સત્તાની રૂ એ પ્રતિબંધિક મનાઇ હુકમો જાહેર કરાયા છે. જે અંતર્ગત સમગ્ર જિલ્લામાં જાહેર સ્થળોએ વગર પરમીશને ધરણા, રેલી, સરઘસ, દેખાવો જેવા કાર્યક્રમમાં ચાર કે તેથી વધુ માણસો એકઠા ન થાય તેમજ સુલેહ શાંતિનો ભંગ ના થાય તથા કાયદો ને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે સારું જાહેર સ્થળે ચારથી વધુ ઈસમો એકત્રિત ન થાય તેવા પ્રતિબંધિક મનાઇ હુકમો જાહેર કરાયા. આ હુકમ સરકારી નોકરીમાં ફરજ ઉપર હાજર હોય તેવી વ્યક્તિઓને, કોઈ લગ્નના વરઘોડાને, કોઈ સ્મશાન યાત્રાને લાગુ પડશે નહી. આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લઘન કરનાર અથવા કરાવનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ (૩) તેમજ ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ના ને કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

## પાલનપુરમાં જાહેરમાં જુગાર રમતા ત્રણ શકુની ઝડપાયા

પાલનપુરના દિલ્લીગેટ વિસ્તારમાં કેટલાક ઈસમો જુગાર રમતા હોવાની બાતમીના આધારે પૂર્વ પોલીસની ટીમે રેઈડ કરીને પૈસાની હાર જીતનો જુગાર રમતા ત્રણ જુગારીયા ને રોકડ રકમ સાથે ઝડપી લીધા હતા પાલનપુરના દિલ્લીગેટ વિસ્તારના ગુરુનાનક માર્કેટ પાસેની ખુલ્લી જગ્યામાં જુગાર રમાતો હોવાની બાતમી ના આધારે શહેર પૂર્વ પોલીસની ટીમે ઓચિંતી રેઈડ કરી ને અહીં ગંજી પાના વડે પૈસાની હારજીતનો જુગાર રમતા ગોપાલ નાથુભાઈ જાંગીડ રહે.બીજેશ્વર કોલાની પાલનપુર, સુરેશચંદ્ર માધુ ખારોલ રહે. કોલેજ કંપાઉન્ડ પાલનપુર અને રાહુલ ડાહ્યાભાઈ પટેલ રહે.લક્ષ્મીપુરા પાલનપુર વાળા ને રૂ.૨૩૮૦ની રોકડ રકમ સાથે ઝડપી પાડવા માં આવ્યા હતા.

# હર ફીક્ર કો ધુવે મેં ઉડાતા ચલા ગયા: ધુમ્રપાનનો કાયદો હવામાં ઉડ્યો

## જિલ્લાની સરકારી કચેરીઓમાં નિકળતો ધુમ્રપાનના કાયદાનો ધુમાડો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૨

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં સરકારી કચેરીઓ તેમજ



જાહેર સ્થળોએ ધુમ્રપાન કરવા ઉપર પ્રતિબંધ છે છતાં મોટાભાગના સ્થળોએ હર ફીક્ર કો ધુવે મેં ઉડાતા ચલા ગયા..ની સ્થિતિ છે. કાયદો અમલી બન્યો તે સમયે આરંભે સુરાની જેમ એસ.ટી. બસ મથકોમાં ધુમ્રપાન કરનાર ગણ્યા ગાંઠ્યા મુસાફરો પાસે દંડની રકમ વસુલવામાં આવી હતી પરંતુ ત્યાર પછી ધુમ્રપાન નિષેધનો હવામાં ધુમાડો નિકળી રહ્યો છે.

ગાંધીજીના ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં છૂટથી દારૂની રેલમછેલ થઈ રહી છે. જાહેરમાં બીડી, સીગારેટના ધુમ્રપાનથી અન્ય લોકોના આરોગ્ય ઉપર માઠી અસર થતી હોવાથી ગાંધી જયંતિના દિવસથી તમામ વિસ્તારોમાં જાહેરમાં ધુમ્રપાન કરવા ઉપર પ્રતિબંધ મૂકી દેવાયો હતો. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં પણ શરૂઆતમાં ધ્રુમપાન નિષેધના અમલ માટે તંત્રમાં સડવડાટ જોવા મળ્યો જેમાં ખાસ કરીને એસ.ટી. બસ મથકોમાં વ્યસની મુસાફરો બીડી, સીગારેટના કસ ખેંચી અન્ય મુસાફરોને ગુંગળામણની સ્થિતિમાં મૂકી દેતા હતા જેથી કાયદાના અમલ પછી ધુમ્રપાનથી છૂટકારો મળશે તેમ અન્ય મુસાફરો માનતા હતા પરંતુ ગુજરાતી આરંભે સૂરાની જેમ એસ.ટી. તંત્રના જવાબદારોએ શરૂઆતમાં જ ગણ્યા ગાંઠ્યા મુસાફરો સામે બીડી સીગારેટ ફુંકવા ઉપર દંડનીય કાર્યવાહી કરી હતી પરંતુ ત્યાર પછી ધુમ્રપાન નિષેધ અભરાઈએ ચડી ગયો છે જેથી જિલ્લાના બાયડ, મોડાસા, માલપુર, મેઘરજ, હિંમતનગર, તલોદ, પ્રાંતિજ સહિતના બસ મથકો ઉપર રોજ અસંખ્ય મુસાફરો બીડી, સીગારેટ ફૂંકી કાયદાનો ધુમાડો કાઢી રહ્યા છે. જિલ્લામાં બસ મથકો ઉપરાંત સરકારી કચેરીઓમાં પણ આવી સ્થિતિ છે. કચેરીઓમાં કામ અર્થે આવતા અરજદારો ખુલ્લેઆમ કાયદાનું ઉલ્લંઘન કરતા જોવા મળે છે છતાં કોઈ જ પગલાં ભરવામાં આવતાં નથી. એટલું જ નહીં પરંતુ સીગારેટના શોખીન સરકારી બાબુઓ પણ કચેરીમાં કસ ખેંચતા જોવા મળી રહ્યા છે.

## ખેમાણા ટોલનાકા ખાતે વિશ્વ શ્રધ્ધાંજલી દિવસની ઉજવણી કરાઈ

પાલનપુર, તા. ૨૨

પાલનપુર તાલુકા પોલીસ અને ખેમાણા ટોલનાકા ના સંયુક્ત ઉપક્રમે તા.૨૧ નવેમ્બર ૨૦૨૧ ના રોજ વિશ્વ શ્રધ્ધાંજલી દિવસની ઉજવણી કરાઈ હતી જેમાં માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામેલા લોકોને મીણ બત્તી પ્રગટાવી અને બે મિનિટ મૌન પાળીને શ્રધ્ધાંજલી આપવા આપવામાં આવી હતી અને માર્ગ અકસ્માતોને અટકાવવા જન જાગૃતી આવે તે માટે વાહન ચાલકોને ગુલાબના ફુલ આપી વાહનો ચલાવતી વખતે હેલ્મેટ ,સીટ બેલ્ટ તેમજ ટ્રાફીકના નિયમોનુ ચુસ્ત પણે પાલન કરવા સમજ આપવામાં આવી હતી.

# જલારામ આરોગ્ય સેવા ટ્રસ્ટના પ્રમુખ બંસીભાઈ પટેલનું મોરારજી બાપુ દ્વારા સન્માન કરાયું

મેઘરજ તા. ૨૨

લોકસેવક માનભાઈ ભટ્ટની સ્મુતિમાં સતત ૩૧માં વર્ષે નાગરિક સન્માન સમારોહ રવિવારના રોજ શિશુવિહારના પ્રાગણમાં યોજવામાં આવ્યો હતો. જેમાં આરોગ્ય, બાળ કેળવણી, બાળ મહિલા ઉત્કર્ષ સહીતના ક્ષેત્રે કાર્યરત રાજ્યની ૭૫ સ્વૈચ્છિક સંસ્થાનું મોરારજી બાપુની ઉપસ્થિતિમાં અભિવાદન કરવામાં આવ્યું હતું. જેમાં મેઘરજ જલારામ આરોગ્ય સેવા ટ્રસ્ટના પ્રમુખ ડૉ. બંસીભાઈ પટેલ ને એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. ડૉ. બંસીભાઈ પટેલ નું ભાવનગરમાં સન્માન કરતા મેઘરજ જલારામ હોસ્પિટલ તથા તાલુકાના લોકોમાં આનંદની લાગણી પ્રસરી હતી.મેઘરજ ખાતે ગરીબ લોકોને વ્યાજબી ભાવે ટ્રીટમેન્ટ અને જરૂરિયાત મંદ લોકોને મફતમાં આંખ અને મોતિયાના ઓપરેશન કરી આપી માનવ સેવાનું કામ કરી રહેલા જલારામ હોસ્પિટલના પ્રમુખ ડૉ. બંસીભાઈ પટેલનું ભાવનગરમાં સન્માન કરતાં તાલુકામાં ગૌરવની લાગણી છવાઈ હતી.આ પ્રસંગે વિનોદભાઈ પટેલ (સ્મિત મેડિકલ) સહીત તાલુકાના ડૉકટર તેમજ આગેવાનોએ આભિનંદન પાઠવ્યા હતા.

